Received on : 19-10-2022
Registered on : 19-10-2022
Decided on : 09-11-2022
Duration : Y M D
- -


**જુનાગઢના મે. ત્રીજા એડીશનલ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં,**
**મુ. જુનાગઢ**

<u>ક્રિમીનલ પ.અ.નં.૬૧૧/૨૦૨૨</u>
<u>સેશન્સ કેસ નં. ૨૩/૧૯</u>
<u>આંક–</u>

**<u>અરજદાર/આરોપી</u>** જમાલ જુસબભાઈ દલ
ઉ.વ. ૨૩, ધંધો – મજુરી,
રહે. મજેવડી ગેટ પાસે
ભારતમીલના ઢોરા પાસે જુનાગઢ,

**વિરૂધ્ધ...**

**<u>સામાવાળાઃ–</u>** સરકારશ્રી

**વિષય** :– ક્રિ.પ્રો.કોડ–કલમઃ૪૩૯ હેઠળ વચગાળાના દિન – ૧૫ ના જામીન મુકત થવા અરજી

**ગુનો** :– ઈ.પી.કો.કલમઃ૩૦૨, ૩૦૭, ૧૨૦(બી), ૩૪ તથા આર્મ્સ એકટની કલમ–૨૫ (૧)(બી.એ.) તથા જી.પી. એકટની કલમ – ૧૩૫ મુજબ.

**સંદર્ભ** :– જુનાગઢ સીટી 'બી' ડીવીઝન પોલીસ સ્ટેશન ગુ.ર.નં.ફર્સ્ટ ૫૩/૨૦૧૯

**અરજદાર/આરોપી તરફે વિ.વ. શ્રી જે.આર. જોષી,**
**સામાવાળા તરફે વિ.પી.પી.શ્રી એન.કે. પુરોહીત,**

---

**<u>–: ઠ રા વ :–</u>**

(૧) હાલની અરજી અરજદાર/આરોપીએ જુનાગઢ સીટી 'બી' ડીવીઝન પોલીસ સ્ટેશન ગુ.ર.નં.ફર્સ્ટ ૫૩/૨૦૧૯ થી ઈ.પી.કો. કલમ : ૩૦૨, ૩૦૭, ૧૨૦(બી), ૩૪, તથા આર્મ્સ એકટની કલમ – ૨૫(૧)(બી.એ.) તથા જી.પી. એકટની કલમ– ૧૩૫ મુજબના ગુનાના કામે વચગાળાના દિન – ૧૫ ના જામીન મુકત થવા હાલની અરજી કરેલ છે.

(૨) અરજદાર/આરોપી વિરૂધ્ધ આક્ષેપાયેલ ગુનાની એફ.આઈ.આર.ની વિગતો જોવામાં આવે તો બનાવની હકીકત એવી છે કે, આ કામના ફરીયાદી પક્ષ અગાઉ જુનાગઢ ભારતમીલના ઢોળા ઉપર રહેતા હતા ત્યારે તેઓને ત્યાં રહેતા શીરાજશા હમીદશા રફાઈ સાથે મસ્જીદની ટ્રસ્ટની મિલકત બાબતે ઝઘડો તકરાર થયેલ જેમાં ખુનનો બનાવ બનેલ હતો જેથી આ જુની અદાવતના કારણે આ કામના જણાવેલ નામવાળા આરોપીઓએ આગોતરુ આયોજન કરી કાવતરુ રચી અને ફરીયાદી તથા મરણજનાર બંને પેટ્રોલ પંપ ઉપર મો.સા. માં પેટ્રોલ પુરાવવા ઉભા રહેતા ત્રણેય આરોપીઓએ ફરીયાદી અને મરનાર ઉપર જીવલેણ હુમલો કરી આરોપી નં. ૧ જમાલ જુસબએ પોતાની નાની બંદુકથી મરનાર ઉપર ફાયરીંગ કરેલ જેથી મરનાર નીચે પડી ગયેલ અને ફરીયાદી જોતા તેની ઉપર પણ મારી નાંખવા માટે આરોપી જમાલે ફાયરીંગ કરતા આ ફરીયાદી આડો ફરી જતા ગોળી રીક્ષાવાળા સાહેદ જીસાનભાઈને પગના સાથળમા વાગી ગંભીર જીવલેણ ઈજા થયેલ અને આરોપી નં. ૨ અનવરશા તથા નં. ૩ કાસમશા બંનેએ પોતાના પાસેની છરીથી મરનાર મહેબુબભાઈ ઉપર જીવલેણ હુમલો કરી બંને આરોપીઓએ મરનારને વાસાના ભાગે તથા પડખાના ભાગે તથા નમણાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચાડી મોત નિપજાવેલ જે મરનારના નમણામાં આરોપી અનવરશાએ મારેલ છરી ભોકેલી રહી ગયેલ છે આમ આરોપીઓએ કાવતરુ રચી પોતાનો સમાન ઈરાદો પાર પાડી અને હથિયાર બંધી જાહેરનામાનો ભંગ કરી. ઈ.પી.કો.કલમઃ ૩૦૨, ૩૦૭, ૧૨૦(બી), ૩૪, તથા આર્મ્સ એકટની કલમ – ૨૫(૧)(બી.એ.) તથા જી.પી. એકટની કલમ– ૧૩૫

મુજબના ગુના અંગેની એફ.આઈ.આર. જુનાગઢ સીટી 'બી' ડીવીઝન પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ છે.

(૩) અરજદાર તરફે વિ.વકીલશ્રીએ તેઓની જામીન અરજી મુજબની રજુઆત કરેલ છે, વધુમાં તેઓના કથન મુજબ અરજદાર આશરે ચાર વર્ષથી જયુડીશ્યલ કસ્ટડીમાં છે, અરજદારની સગાઈ ફાતેમા અબ્દુલભાઈ સાથે થયેલી અને અચાનક આ કામમાં તેઓની અટક થઈ જતા તેઓના નીકાહ બાકી રહી ગયેલ છે, જેથી તેઓની કહેવાતી પત્નીના પિતા નથી અને તેની માતા હાજુબેન હવે લાંબુ સાચવી શકે તેમ ન હોય તેથી તેઓને નીકાહ કરવા માટે દિન – ૧૫ ના વચગાળાના જામીન મુકત કરવા રજુઆત કરેલ, વધુમાં તેઓએ અગાઉ રેગ્યુલર જામીન અરજી કરતા જે નામંજુર થયેલ તેમજ ફો.પ.અ. નં. ૬૨/૨૧ થી ટેમ્પરરી જામીન અરજી કરતા તા. ૨૨/૦૧/૨૦૨૧ ના રોજ દિન – ૪ ના ટેમ્પરરી બેલ આપેલ જેમાં તેઓ સમયસર હાજર થઈ ગયેલા છે, વધુમાં આ કામમાં સંકળાયેલા તમામ આરોપીઓ જામીન મુકત થઈ ગયેલ છે તેમજ સદરહું કામની ટ્રાયલ ચાલુ થયેલ ન હોય તેમજ ટેમ્પરરી જામીન મુકત કરવાથી કોર્ટ ફરમાવે તેવી શરતોનું પાલન કરવા તૈયાર હોય જેથી ટેમ્પરરી જામીન મુકત કરવા રજુઆત કરેલ છે.

(૪) અરજદાર/આરોપીની અરજી અનુસંધાને સરકારશ્રી તર્ફે વિ. પી.પી.શ્રી એન. કે.પુરોહીતનાઓ હાજર થયેલ છે. તેઓએ આંક–૮ થી એચ.વી. ચુડાસમા પોલીસ સબ ઈન્સ્પેકટર 'બી' ડીવીઝન પોલીસ સ્ટેશન જુનાગઢનાઓનું સોગંદનામું રજુ કરી રજુઆત કરેલ છે જેમાં તેઓના કથન મુજબ હાલના અરજદાર/આરોપીને ટેમ્પરરી જામીન ઉપર મુકત કરવામાં આવશે તો, ફરી પાછો પરત જેલમાં હાજર રહેશે નહી તેવી પાકી દહેશત છે અને અરજદાર/આરોપી જમાલ જુસબભાઈએ ખુનનો ગંભીર પ્રકારનો ગુનો કરેલ છે જેથી જામીન મુકત કરવામાં આવશે તો પ્રજાને ન્યાય ઉપરથી વિશ્વાસ ઉઠી જશે અને અરજદાર/આરોપી આ કામના ફરીયાદી તથા સાહેદો સાથે એનકેન પ્રકારે ઝઘડો તકરાર કરી ફરીયાદી તથા સાહેદોને લોભ પ્રલોભનમાં લઈ કેસના

પુરાવાને મોટુ નુકશાન કરે તેવી પાકી દહેશત છે જેથી હાલના અરજદાર/આરોપીને ટેમ્પરરી જામીન મુકત ના કરવા રજુઆત કરેલ છે.

(૫) અરજદાર/આરોપી તરફે વિ.વકીલશ્રી જે.આર. જોષીને સાંભળ્યા, તથા સરકાર તર્ફે વિ.પી.પી.શ્રી એન. કે. પુરોહીતની રજુઆતો સાંભળી, તથા જામીન અરજી, ત.ક.અ.નું સોગંદનામુ તથા તેની સાથે રજુ કરેલ તપાસના સાધનીક કાગળો વંચાણે લીધા.

(૬) બંને પક્ષના વિ.વકીલશ્રીની દલીલો સાંભળી. અરજદાર/આરોપી વિરુઘ્ધ ઈ.પી.કો.કલમઃ ૩૦૨, ૩૦૭, ૧૨૦(બી), ૩૪, તથા આર્મ્સ એકટની કલમ – ૨૫(૧)(બી.એ.) તથા જી.પી. એકટની કલમ– ૧૩૫ મુજબના ગુનાનો આક્ષેપ છે. અરજદાર/આરોપીનાઓએ હાલની અરજી દિન – ૧૫ ના ટેમ્પરરી જામીન ઉપર મુકત થવા કરેલ છે, અને જેના કારણમાં અરજદારના નિકાહ કરવા માટે હાલની અરજી કરેલાનું જણાવે છે. સદર ગુનાના કામે ચાર્જશીટ સેશન્સ કેસ નં. ૨૩/૧૯ થી આ અદાલતમાં પેન્ડીગ છે, તેમજ રેકર્ડ ઉપરની હકીકતો ઘ્યાને લેતા હાલના અરજદાર/આરોપીએ આ અગાઉ ફો.પ.અ. નં. ૪૪૫/૨૦ થી રેગ્યુલર જામીન અરજી ક્રિ.પ્રો.કોડની કલમ – ૪૩૯ હેઠળ ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ સમક્ષ કરેલ જે અરજી લગત ગુણદોષ ઉપર સાંભળી જે તે વખતના ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ સાહેબશ્રીએ તા. ૦૬/૦૮/૨૦ ના જામીન અરજી નામંજુર કરેલ છે, જે જામીન અરજીમાં અરજદાર/આરોપી વિરુઘ્ધ પ્રથમદર્શનીય કેસ હોવાનું તેમજ તે જામીન અરજી અગાઉ પણ જામીન અરજી કરેલી જે જામીન અરજી નામંજુર થયેલ હોવાનું અને અરજદાર/આરોપીનો કેસ ગંભીર પ્રકારનો હોય જામીન અરજી નામંજુર કરેલ ત્યારે હાલની વચગાળાની જે જામીન અરજી કરેલ છે તે કાયદા મુજબ ટકવા પાત્ર ન હોય હાલની જામીન અરજી નામંજુર કરવાના નિર્ણય ઉપર આવી નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

## <u>હુકમ</u>

હાલના અરજદાર/આરોપી જમાલ જુસબભાઈ દલ, ઉ.વ. ૨૩, ધંધો

– મજુરી, રહે. મજેવડી ગેટ જુનાગઢનાઓની હાલની વચગાળાની જામીન અરજી આથી નામંજુર કરવામાં આવે છે.

આ હુકમની એક નકલ સેશન્સ કેસ નં. ૨૩/૧૯ ના કામે રાખવી.

હુકમ આજ તા.૦૯મી, માહે નવેમ્બર, સને ૨૦૨૨ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી, મારી સહી કરી, જાહેર કર્યો.

તા. ૦૯/૧૧/૨૦૨૨
જુનાગઢ.

(બીના ચંદુભાઈ ઠક્કર)
ત્રીજા એડી. સેસન્સ જજ,
જુનાગઢ
(કોડ નં.જીજે.૦૦૬૯૫)